# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૪</u>
# <u>તારીખ.૨૨–૧૦–૨૦૨૪</u>

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા માદળા તળાવ પાસે નગરપાલિકા હસ્તકનું ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળા ૨૦૨૪–૨૦૨૫ માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર ૮૨ તા.૦૪–૧૦–૨૦૨૪થી શરતો નકકી કરી તેની જાહેર હરાજી માટે દૈનિક પેપરમાં પ્રસિધ્ધિ કરી જાહેર હરાજી તા.૧૭–૧૦–૨૦૨૪ના રોજ નગરપાલિકા કચેરીમાં રાખેલ. જેમાં હરાજી સમયે અરજદારોએ અપસેટ કિંમત કરતા ઓછી બોલી બોલતા હરાજી તથા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૩ તા.૧૭–૧૦–૨૦૨૪થી રદ કરેલ છે. અને દિવાળી મેળા માટે ચકડોળ ગ્રાઉન્ડ હરાજીની શરતો નવી બનાવી હરાજીથી આપવા નકકી થયેલ. તે મુજબ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નં.૧૧૩ તા.૧૭–૧૦–૨૦૨૪થી ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ નં. ૧ થી ૧૬ પાડી તથા અન્ય શરતો નકકી કરેલ તે મુજબ જાહેર હરાજીની પ્રસિધ્ધિ દૈનિક પેપર ગુજરાત સમાચાર તથા નયા પડકારમાં જાહેરાત પ્રસિધ્ધ કરતાં તેની જાહેર હરાજી તા.૨૨–૧૦–૨૦૨૪ને મંગળવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે નગરપાલિકા કચેરી ખાતે રાખતા જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૪૮(અડતાલીસ) અરજદારોએ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજીની ડીપોઝીટ જમાં કરાવેલ. દિવાળી મેળાની ચકડોળ ગ્રાઉન્ડમાં પ્લોટ નં. ૧ થી ૯ અને ૧૪ થી ૧૬ ની અપસેટ કિંમત રૂા.૨,૫૦,૦૦૦/– (એક પ્લોટ દીઠ) તથા પ્લોટ નં. ૧૦ થી ૧૩ (એમ કુલ ચાર પ્લોટ સળંગની) અપસેટ કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– રાખેલ. તેની આગળની બોલીની રકમ આગળ

| અ. નં. | અરજદારનું નામ | પ્લોટ નંબર | સૌથી ઉચી પ્રીમીયમની રકમ |
|---|---|---|---|
| ૧ | ગૌરવ સુરેશભાઈ રાણા<br>જલીપોળ, ખંભાત. | પ્લોટ નં. ૧ | રૂા.૪,૭૦,૦૦૦/– |
| ૨ | કૃણાલ રમેશભાઈ ભટ્ટ<br>અ/૩૬, શકતીનગર, બાપુનગર, અમદાવાદ. | પ્લોટ નં. ૨ | રૂા.૬,૫૦,૦૦૦/– |
| ૩ | કૃણાલ રમેશભાઈ ભટ્ટ<br>અ/૩૬, શકતીનગર, બાપુનગર, અમદાવાદ. | પ્લોટ નં. ૩ | રૂા.૫,૫૦,૦૦૦/– |
| ૪ | અશોકભાઈ બચુભાઈ ઠકકર<br>સિતા દરવાજા રોડ, ધાંગધ્રા. | પ્લોટ નં. ૪ | રૂા.૬,૫૦,૦૦૦/– |
| ૫ | સોમાભાઈ મોતીભાઈ વાણીયા<br>હરીપુર રોડ, ધાંગધ્રા. | પ્લોટ નં. ૫ | રૂા.૩,૦૦,૦૦૦/– |
| ૬ | શાહરૂખ બાદઉદ્દીનભાઈ મીરાં<br>આંબલીયા કુવા પાસે, ધાંગધ્રા. | પ્લોટ નં. ૬ | રૂા.૨,૭૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૭ | ઈમરાન યાકુબ પટેલ<br>જોગેશ્વરી, મુંબઈ. | પ્લોટ નં. ૭ | રૂા.૩,૦૦,૦૦૦/– |
| ૮ | અશોકભાઈ બચુભાઈ ઠકકર<br>સિતા દરવાજા રોડ, ધાંગધ્રા. | પ્લોટ નં. ૮ | રૂા.૩,૪૦,૦૦૦/– |
| ૯ | ફરીદ અબ્દુલકાદીર ઈન્દોરી<br>ડો. આંબેડકર રોડ, નડીયાદ. | પ્લોટ નં. ૯ | રૂા.૨,૭૦,૦૦૦/– |
| ૧૦ | વિરલભાઈ પ્રવિણચંદ્ર પીઠવા<br>સુરેન્દ્રનગર. | પ્લોટ નં. ૧૦, ૧૧, ૧૨, ૧૩ | રૂા.૫,૨૧,૦૦૦/– |
| ૧૧ | ફરીદ અબ્દુલકાદીર ઈન્દોરી<br>ડો. આંબેડકર રોડ, નડીયાદ. | પ્લોટ નં. ૧૪ | રૂા.૨,૭૦,૦૦૦/– |
| ૧૨ | ફરીદ અબ્દુલકાદીર ઈન્દોરી<br>ડો. આંબેડકર રોડ, નડીયાદ. | પ્લોટ નં. ૧૫ | રૂા.૩,૩૦,૦૦૦/– |
| ૧૩ | ઈમરાન યાકુબ પટેલ<br>જોગેશ્વરી, મુંબઈ. | પ્લોટ નં. ૧૬ | રૂા.૪,૪૦,૦૦૦/– |

**ઉપરોકત ૧ થી ૧૬ પ્લોટની અરજદારોની બોલી મંજુર કરવામાં આવે છે. હરાજીની શરતો મુજબ નાણા જમાં કરાવેથી પ્લોટનો કબજો સોંપવા મંજુર. તેમજ આગળની તમામ કાર્યવાહી કરવા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. વિજયસિંહ ચંદુભાઈ પરમાર**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી**
**સહી. સોનલબેન નિતીનકુમાર જોષી**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૫</u>
## <u>તારીખ.૨૨–૧૦–૨૦૨૪</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા પ્રમુખશ્રીની મૌખિક ભલામણ વંચાણે લેતા ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૨૪–૨૦૨૫ માટે તા.૨૭–૧૦–૨૦૨૪ થી તા.૧૫–૧૧–૨૦૨૪ સુધી કુલ–૨૦(વીસ) દિવસ ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝથી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી દિવાળી લોક મેળાનું આ વર્ષે આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે હાથલારી, પાથરણા, મંડપ અને સ્ટોલ વિગેરેની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાના ઈજારા માટે જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૩ તારીખ.૦૪–૧૦–૨૦૨૪ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર.૧૩૩૨ તારીખ.૦૮–૧૦–૨૦૨૪ થી દૈનિક પેપર "ગુજરાત સમાચાર" તથા "દિવ્ય ભાસ્કર" માં તારીખ.૧૧–૧૦–૨૦૨૪ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ.૧૭–૧૦–૨૦૨૪ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં ચકડોળ ગ્રાઉન્ડમાં વિવિધ ચકડોળ ની જાહેર હરાજી મુલત્વી રાખવામાં આવેલ અને જેની જાહેર હરાજી તા.૨૨–૧૦–૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ. જે હરાજીની કાર્યવાહી પૂર્ણ થયેથી હાથલારી, પાથરણા, મંડપ અને સ્ટોલ વિગેરેની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાના ઈજારા માટે જાહેર હરાજી તા.૨૨–૧૦–૨૦૨૪ના રોજ રાએલ. જે જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ૪ (ચાર) અરજદારોએ જાહેર હરાજીમાં ભાગ લેવા હરાજી ડીપોઝીટ જમા કરાવેલ છે. જેની અપસેટ કીંમત રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પાંચ લાખ પુરા રાખેલ હતી. તેની આગળની બોલીની રકમ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉંચી બોલી રૂા.૦૯,૫૦,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ પચ્ચાસ હજાર પુરા શ્રી જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ રહે. મુ.જલસણ તા.ખંભાત જી.આણંદ બોલી બોલેલ છે. જે બોલી મંજુર કરવામાં આવે છે. જાહેર હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી મેળાની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો આપવા મંજુર કરવામાં આવે છે અને આગળની કાર્યવાહી કરવા ખંભાત નગર–પાલીકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રીના જે કોઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જી.એસ.ટી. ની રકમ થાય તે ખંભાત નગરપાલિકા માં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

જાહેર હરાજીમાં ઉપસ્થિત સૌના માટે ચા–કોફી મંગાવેલ છે તેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. વિજયસિંહ ચંદુભાઈ પરમાર
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ

## ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૬

## તારીખ.૨૨–૧૦–૨૦૨૪

આથી મે.ચીફ ઓફિસર સાહેબશ્રી તથા મે.પ્રમુખ સાહેબશ્રી ના વંચાણે લેતા ઠરાવવામાં આવે છે કે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત શહેરોની હદ ઉપરાંત શહેરના પ્રવેશ માટેના એપ્રોચ રોડની સફાય અને નગરના કોઈ એક રોડની આઈકોનિક રોડ તરીકે વિકસાવવા ૨૦૨૪–૨૦૨૫ માં સરકારશ્રી ધ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત ના પત્ર ક્રમાંક SBM/0050/06/2024 DT.20/06/2024, રૂા ૭૫,૦૦,૦૦૦/– સહાય મંજુર કરવામાં આવેલ છે. જેમા શહેરના એપ્રોચ રોડની નિયમિત સફાઈ તથા આઈકોનિક રોડ વિકસાવવાની કામગીરી તથા સદર કામગીરી ની જાહેરાત જરૂરી થતા ખર્ચથી આપવા મંજુર.

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| 1 | Construction Work of Iconic Road From Lal Darvwaja To Ankruti Township (Bethak Road) | 6,738,800.00 |
| 2 | Estimate for Annual Rate Contract for Cleaning of Approach Roads by Manpower in KhambhatNagarpalika Area. (For 12 Months) | 1,076,500.00 |
| | Total Cost of Project:- | 7,815,300.00 |

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૭

## તારીખ.૨૨–૧૦–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીની ભલામણ વચાણે લેતા "ખંભાત નગરપાલિકામાં કચરાના વર્ગીકરણ ટેકનોલોજી ઈન્સ્ટોલ" કરવા સરકારશ્રીમાંથી જણાવેલ.આ અંગે સદર કામગીરીમાં એસ્ટીમેટ નગરપાલિકાના કન્સલ્ટન્ટ મારફતે તૈયાર કરાવતા જેની રકમ રૂા.૬૫,૬૫,૦૦૦/– થતી હોઈ જે સદર કામગીરી નીચે મુજબ જણાવેલ SBM 1.0 હેઠળ પૈકી ફાળવેલ રકમ હેઠળ સદર કામગીરી કરવા ઠરાવવામાં આવે છે તથા સદર કામગીરીની જાહેરાત જરૂરી થતા ખર્ચથી આપવા મંજુર.

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ |
|---|---|---|
| 1 | Dry waste Sorting Machine with conveyor System and sorting Technology | 65,65,000/- |
| | Total Cost of Project:- | 65,65,000/- |

ઉપર મુજબ ના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને સ્વચ્છ ભારત મિશનની સુચનાઓ શરતો વિગતોનુ પાલન કરશે તથા સ્વચ્છ ભારત મિશન તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાંટ ઉપરાંત કાઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પુર્ણ કરશે તેમ ઠરાવવમાં આવે છે સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રી ને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૮</u>

## <u>તારીખ.૨૨–૧૦–૨૦૨૪</u>

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા ખંભાત નગરપાલિકા વિરૂધ્ધ વોર શકીલ ઈબ્રાઈહીમભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં R/SCA No.14419 OF 2024 થી પીટીશન દાખલ કરેલ હોઈ તે કેસમાં વકીલ તરીકે શ્રી એચ.એલ.પટેલને રોકવા અને તે અંગેની વકીલ ફી રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પુરાથી વકીલ રોકવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૧૯
## તારીખ.૨૨–૧૦–૨૦૨૪

આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીનો રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા પ્રતિ વર્ષે ખંભાત નગરપાલિકામાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવે છે તે મુજબ ચાલુ વર્ષે તારીખ.૨૯–૧૦–૨૦૨૪ ને મંગળવાર ધનતેરસના દિને નગરપાલિકા કચેરીમાં લક્ષ્મી પુજન તથા ચોપડા પુજન અને સત્યનારાયણ ભગવાનની કથા કરવાનું આયોજન કરવા મંજુર. અને આ માટે રૂા.૮૫૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પાંચસો પુરા) ખર્ચ થાય તેમ હોઈ તે બીલની રકમ ચાલુ સિલકમાંથી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હીરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૦
## તારીખ.૨૨–૧૦–૨૦૨૪

**આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રી રીપોર્ટ અને ભલામણ વંચાણે લેતા ખંભાત નગરપાલિકાના સફાઈ કર્મચારી ગણ ૨૦૨૪ દિવાળી ફેસ્ટીવલમાં શહેરના વેપારીઓ તેઓના વ્યવસાય સ્થળે રાત્રીના સમયે ખુબ જ પ્રમાણમાં કચરો આવતો હોય જેની મુખ્ય બજારો સફાઈની કામગીરી માટે ગત વર્ષની જેમ કર્મચારી દિઠ ચુકવવામાં આવેલ તે મુજબ રૂા.૪૦૦/– (અંકે રૂપિયા ચારસો) કર્મચારી દિઠ ચુકવવા ઠરાવવામાં આવે છે.**

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હિરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

## ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૧
## તારીખ.૨૨–૧૦–૨૦૨૪

આગળનો રીપોર્ટ તથા ચીફઓફીસર સાહેબની ભલામણ તથા પ્રમુખશ્રીના રીપોર્ટ વંચાણેમાં લેતા ખંભાત બૌધક ગામમાં આવેલ કુંડમાં ૫૦ થી ૫૫ વર્ષનો યુવક કુંડમાં તારીખ.૧૬–૧૦–૨૪ના રોજ પડી ગયેલ તે કાઢવા માટે ફાયરવિભાગમાંથી બીલાડી આપેલ તેમાં ૧ નંગ મોટી બીલાડી પડી ગયેલ જે નવી ૩ નંગ નવી બીલાડી નવી મંગાવવા ફાયર કર્મચારીએ રીપોર્ટ આપેલ જે આપેલ રીપોર્ટના અનુંસંધાને શ્રી રામ વેલ્ડીંગ વર્કસવાળાએ ૧ નંગ પાણીમાં વસ્તું શોધવા માટે (લોખંડની) બીલાડીના ૧૨૦૦/રૂ. ભાવથી ૩ નંગ પાણીમાં વસ્તું શોધવા માટે (લોખંડની) બીલાડીના ૩૬૦૦/રૂ.કિમંતેથી નવી બીલાડી બનાવી આપવાનો એસ્ટીમેન્ટ શ્રી રામ વેલ્ડીંગ વર્કસવાળાએ તારીખ. ૧૫–૧૦–૨૪ના રોજ આપેલ જે આપેલ એસ્ટીમેન્ટથી ૩ નંગ બીલાડી બનાવવા મંજુર કરવામાં આવે છે.તથા નવી બનાવેલ બીલાડીમાં થયેલ ખર્ચ રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. કામીનીબેન હિરેનકુમાર ગાંધી
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ